તા. 23-04-2024

સમય : સવારે 7.10

# પ્રસાર ભારતી

# પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ

તારીખ : 23-04-2024 સવારે : 7.10 થી 7.20

વાર : મંગળવાર

આકાશવાણી અમદાવાદ, વડોદરા.... પ્રાદેશિક સમાચાર સિમ્પલ ઠક્કર વાંચે છે.

---

- ✓ રાજ્યની લોકસભાની 25 બેઠકો માટે 266 અને વિધાનસભાની ખાલી પડેલી પાંચ બેઠકો માટે 24 ઉમેદવારો ચૂંટણી જંગમાં .
- ✓ ભારતીય જનતા પાર્ટીએ સુરત લોકસભા બેઠક પર બિનહરીફ જીત મેળવી છે.
- ✓ રાજયમાં લોકસભા સામાન્ય ચૂંટણીમાં મહત્તમ મતદાન થાય તે માટે જનજાગૃતિના સવિશેષ પ્રયાસો કરવામાં આવી રહ્યા.
- ✓ સારંગપુર ધામ ખાતે આજે હનુમાન જયંતિની ઉજવણી કરવામાં આવી રહી છે.
- ✓ આજે વિશ્વ ટેબલ ટેનિસ દિવસ છે. દર વર્ષે 23મી એપ્રિલના રોજ આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.

---

(ન્યૂઝ બ્રેક – આ પ્રાદેશિક સમાચાર આપ આકાશવાણી અમદાવાદ – વડોદરા પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી – અમદાવાદ – વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા)

તા. 23-04-2024

સમય : સવારે 7.10

# GUJARAT - ELECTION- PICTURE

રાજ્યની લોકસભાની 25 બેઠકો માટે 266 અને વિધાનસભાની ખાલી પડેલી પાંચ બેઠકો માટે 24 ઉમેદવારો ચૂંટણી જંગમાં રહ્યા છે. ગઈકાલે ઉમેદવારીપત્રકો પરત ખેંચવાની કામગીરી પૂર્ણ થતાં જ ગુજરાતનું ચૂંટણી ચિત્ર સ્પષ્ટ બન્યું છે.

(બાઇટ - એ.બી.પટેલ, ચૂંટણી અધિકારી)

અમદાવાદ પશ્ચિમ બેઠક પર ૬ ઉમેદવારો, અમદાવાદ પૂર્વ બેઠક પર હાલ ૧૮ ઉમેદવારો, સુરેન્દ્રનગર બેઠક પરથી 6 ઉમેદવારોએ ઉમેદવારીપત્રો પરત ખેંચતા 14 ઉમેદવારો ચૂંટણી જંગમાં છે.

વલસાડ લોકસભા બેઠક પરથી સાત ઉમેદવારો, રાજકોટ બેઠક પર નવ, છોટાઉદેપુર બેઠક પર 6, પાટણ બેઠક પર 10, કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા નગર હવેલી બેઠક પરથી પાંચ, નવસારી-જામનગર અને સાબરકાંઠા 14-14, ભરૂચમાં 13, કચ્છ લોકસભા બેઠક પર 11 ઉમેદવારો, ભાવનગરમાં ૧૩ ઉમેદવારો, દમણ-દીવ લોકસભા બેઠક પર 7 ઉમેદવારો ચુંટણી મેદાનમાં રહ્યા છે.

.................

# Gujarat Surat Seat

ભારતીય જનતા પાર્ટીએ સુરત લોકસભા બેઠક પર બિનહરીફ જીત મેળવી છે. ઉમેદવારી પત્રો પરત ખેંચવાના અંતિમ દિવસે સુરત બેઠક માટે ભાજપના ઉમેદવાર મુકેશ દલાલને વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા, કારણ કે તેમના તમામ વિરોધીઓ ચૂંટણી મેદાનમાંથી ખસી ગયા હતા. સુરત જિલ્લા કલેક્ટર અને રિટર્નિંગ ઓફિસર સૌરભ પારધીએ જેની સત્તાવાર જાહેરાત કરી હતી.

તા. 23-04-2024

સમય : સવારે 7.10

અમારા સંવાદદાતા અપર્ણા ખૂંટ અહેવાલમાં જણાવે છે કે BSP ઉમેદવાર પ્યારેલાલ ભારતી અને અન્ય અપક્ષ ઉમેદવારો સહિત આઠ જેટલા ઉમેદવારોએ ગઈકાલે તેમના ઉમેદવારીપત્ર પાછા ખેંચી લીધા છે. કોંગ્રેસના ઉમેદવાર નિલેશ કુંભાણીનું ઉમેદવારીપત્ર ગઈકાલે ટેકેદારોની નકલી સહીઓના કારણે નામંજૂર કરવામાં આવ્યું હતું.

ગુજરાત પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર.પાટીલે સુરત લોકસભા બેઠકના બિનહરીફ વિજેતા થયેલા ઉમેદવાર મુકેશ દલાલને અભિનંદન આપ્યા હતા. આ પ્રસંગે મુકેશ દલાલે કહ્યું હતું કે  લોકશાહી ઢબે મારો વિજય થયો છે.

દરમિયાન, વિપક્ષ કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીએ સુરતમાં લોકોનો મત આપવાનો અને તેમના નેતાને પસંદ કરવાનો અધિકાર છીનવી લેવા બદલ ભારતીય જનતા પાર્ટીની ટીકા કરી છે. અમારા સુરતના પ્રતિનિધિ રીતુ દરબાર જણાવે છે કે સમગ્ર દેશમાં લોકસભાની ચૂંટણીમાં સુરતમાં પ્રથમ બિનહરીફ જીત મેળવી મુકેશ દલાલ સાંસદ બન્યા છે.

.................

## Voting awareness

લોકસભા સામાન્ય ચૂંટણી-2024 અંતર્ગત ચુંટણીમાં 100 ટકા મતદાન થાય તે હેતુ થી રાજ્યભરમાં વિવિધ મતદાર જાગૃતિ કાર્યક્રમો ચાલી રહ્યા છે મુખ્ય નિર્વાચન અધિકારી, પી.ભારતી દ્વારા મહિલા મતદાર જાગૃતિ અને મતદાન કરવા બાબતે ખાસ આમંત્રણ પત્રીકા બનાવી દરેક જિલ્લામાં વહેચવામાં આવી છે.

અમારા પાટણ જિલ્લાના પ્રતિનિધિ રમેશ સોલંકી ના જણાવ્યા અનુસાર પાટણ સરસ્વતી તાલુકાનાં રવિયાણા ગામે જિલ્લા વિકાસ અધિકારી દ્વારા ગામના લોકોને મતદાનનું મૂલ્ય સમજાવવામાં આવ્યું હતું.

તા. 23-04-2024

સમય : સવારે 7.10

તેમજ મતદાનના દિવસે દરેક કામ બાજુ પર મૂકીને સૌપ્રથમ મતદાન કરવા માટે દસ મિનિટ ફાળવવા જણાવ્યું હતું. અમારા છોટાઉદેપુર જિલ્લાના પ્રતિનિધિ રાજેશ રાઠવા જણાવ્યા અનુસાર છોટાઉદેપુર નગરપાલિકાના કર્મચારીઓએ નગરપાલિકાના જુદા-જુદા વિસ્તારો તથા લગ્ન પ્રસંગમાં જઈને લોકસભા સામાન્ય ચૂંટણીમાં ૧૦૦% મતદાન કરવા માટે લોકોને અપીલ કરી હતી. આ ઉપરાંત લોકોને અચુક મતદાન કરવા માટેના શપથ લેવડાવવામાં આવ્યા હતા.

અમારા ભાવનગર જિલ્લાના પ્રતિનધિ સુરેશ ત્રિવેદીના જણાવ્યા અનુસાર મતદાર જાગૃતિના અંતર્ગત આજે ૩૦૦ ગામોમાં ૪૬૫ મતદાર કેન્દ્રો પર મતદાર જાગૃતિ અંગેના વિવિધ કાર્યક્રમ યોજાશે.

ભાવનગર જિલ્લામાં મહિલા મતદાર જાગૃતિ અભિયાન અંતર્ગત અત્યાર સુધી કુલ ૨૯૪ કાર્યક્રમો કરવામાં આવ્યા અને કુલ ૧૫૯૨૩ જેટલા ગ્રામજનો આ સઘન મતદાર જાગૃતિ કાર્યક્રમમાં હાજર રહેલ હતા. મતદાન કરવા બાબતના શપથ પણ લેવડાવવામાં આવશે. આ ઉપરાંત ખુબ મોટા પ્રમાણમાં મતદાન થાય તે માટે શેરી નાટકો, ગરબા જેવી વિવિધ પ્રવૃત્તિઓ પણ કરવામાં આવશે.

......................................................

## MATDAN JAGRUTI-DISTRICT

મહીસાગર જિલ્લામાં જિલ્લા ચુંટણી અધિકારી દ્વારા વિવિધ ક્ષેત્રના વેપારીઓ ઉદ્યોગકારો અને સંસ્થાઓની મહત્તમ મતદાન માટે યોગદાન આપે તે અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. તાપી જિલ્લાના વ્યારા અને સોનગઢ નગરપાલિકા ખાતે વિડિયો ક્લીપ ના માધ્યમ દ્વારા મતદાન કરવા માટેના શપથ લેવડાવવામાં આવ્યા હતા.

તા. 23-04-2024

સમય : સવારે 7.10

ભાવનગર જિલ્લાના સીદસર ગામમાં  ગ્રામજનોએ મતદાન અચૂક કરવા અંગેના શપથ લીધા હતાં તેમજ શાળાના વિદ્યાર્થીઓએ સાયકલ રેલી યોજી મતદાન કરવા અપીલ કરી હતી.

વલસાડ તાલુકામાં મતદાન જાગૃતિ માટે ૧૭૦ જેટલી જગ્યાઓએ બીઆરસી,સીઆરસી,શાળાના આચાર્યો, શિક્ષકો, અને BLO દ્વારા મતદાન જાગૃતિ અંગે સમજ આપી સંકલ્પ લેવડાવવામાં આવ્યા હતા.

પંચમહાલ જિલ્લા માં  વિદ્યાર્થીઓ દ્વારા ભારતના નકશામાં વોટ ઇન્ડિયા અને ત્રિરંગા જેવી અલગ અલગ માનવ સાંકળ રૂપી આકૃતિઓ બનાવીને અચૂક મતદાન માટેનો સંદેશો પાઠવવામાં આવ્યો હતો.

.................

## MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. વધુ સમાચાર આપ અમારી વેબસાઇટ

newsonair.gov.in/Gujarati પર વાંચી શકશો.

.................

## Gandhinagar General Observer

ગાંધીનગર સંસદીય મતદાર વિભાગના જનરલ ઓબ્ઝર્વર વિનયકુમારે જિલ્લા સેવા સદન ખાતે ચૂંટણી કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું.

ઉપરાંત જનરલ ઓબ્ઝર્વરના અધ્યક્ષ સ્થાને રાજકીય પક્ષના પ્રતિનિધિઓની બેઠક યોજાઈ હતી.આ બેઠકમાં વિનયકુમારે જિલ્લા સેવાસદન ખાતે કાર્યરત વિવિધ કંટ્રોલરૂમ, ઈએમએમસી અને સિંગલ વિન્ડો સિસ્ટમની મુલાકાત લીધી હતી અને આદર્શ આચારસંહિતા સિંગલ વિન્ડો સિસ્ટમ ઉપરાંત ચૂંટણી ખર્ચ સંબંધિત વિસ્તૃત

માહિતી મેળવી હતી. આ મુલાકાત દરમિયાન તેમણે નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીની કચેરીની કામગીરીની વિવિધ કામગીરીની નિરિક્ષણ કર્યું હતું તથા ચૂંટણી પંચે નિયંત્રણ રૂમ ખાતે રિપોર્ટિંગની માહિતી મેળવી જરૂરી સૂચનો કર્યા હતા.

................

## Election guidance

ભાવનગર લોકસભા બેઠકનાં જનરલ નિરીક્ષક ડો. વીણા માધવનની અધ્યક્ષતામાં ગઇકાલે રાજકીય પાર્ટીના પ્રતિનિધિઓ અને નોડલ અધિકારીઓ સાથે બેઠક કરી, જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

અમારા ભાવનગર જિલ્લાના પ્રતિનિધિ સુરેશ ત્રિવેદીના જણાવ્યા અનુસાર ભાવનગર કલેક્ટર કચેરી ખાતે યોજાયેલી આ બેઠકમાં જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેકટર આર. કે. મહેતા દ્વારા રાજકીય પાર્ટીના પ્રતિનિધિઓને ચૂંટણી અંતર્ગત સિંગલ વિન્ડો સિસ્ટમ, મીડિયા સર્ટિફિકેશન, વાહનોની પરમિશન, ગરમી ધ્યાને લેતા અન્ય જરુરી વ્યવસ્થાઓ, વરિષ્ઠ નાગરિકોને ઘરબેઠા મતદાન માટેની વ્યવસ્થા અને મતદાર યાદી અંગે જરૂરી માહિતી આપવામાં આવી હતી.

.................

## Anand District

આણંદ જિલ્લામાં સાત વિધાનસભા મત વિસ્તારનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં આણંદ, ઉમરેઠ, બોરસદ, પેટલાદ, ખંભાત, આંકલાવ અને સોજિત્રા વિધાનસભાનો સમાવેશ થાય છે. આ અંગે આણંદના અમારા પ્રતિનિધિ પરેશ મકવાણા વધુ માહિતી આપી રહ્યા છે.

(બાઇટ - પરેશ મકવાણા, આણંદ)

.................

તા. 23-04-2024

સમય : સવારે 7.10

# Hanuman jayanti

સારંગપુર ધામ ખાતે આજે હનુમાન જયંતિની ઉજવણી કરવામાં આવી રહી છે. આજે સવારે પાંચ વાગે દાદાની મંગળા આરતી કરાઈ હતી. સાત વાગે શણગાર આરતી કરી, દાદાના જન્મોત્સવની ઉજવણી કરવામાં આવી છે. સમગ્ર મંદિર પરિસરને સુશોભિત કરવામાં આવ્યું છે અને મંદિરમાં આવનાર ભક્તો માટે પ્રસાદ અને દર્શનની સુચારુ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે સારંગપુર પહોંચશે અને કષ્ટ ભંજન દાદાના પૂજન અર્ચન કરશે.દરમ્યાન ગઇકાલે કષ્ટભંજન દેવહનુમાનજી મંદિર ખાતે હનુમાન જયંતી મહોત્સવ અંતર્ગત ગઇકાલે પહેલીવાર સાળંગપુર મંદિર પરિસરમાં આવેલી 54 ફૂટ ઊંચી હનુમાનજીની મૂર્તિ પર 5 હજાર કિલો ફૂલોની વર્ષા કરવામાં આવી હતી..

દાદાને વિશેષ 15 કિલો ચાંદીના હીરાજડિત વાઘા ધરાવી, પુષ્પવર્ષા કરવામાં આવી હતી. લોક ડાયરા અને નૃત્યનો કાર્યક્રમ પણ યોજાયો હતો, બાદમાં લેસર વિડિયો શો ખુલ્લો મૂકવામાં આવ્યો હતો

ચૈત્ર સુદ પૂનમે મંદિરોમાં હનુમાન જંયતિના ભાગરૂપે અમદાવાદ કેમ્પ હનુમાન મંદિર, નાગરવેલ હનુમાનજી મંદિર, ભીડ ભજન હનુમાન મંદિર સહિત તમામ હનુમાન મંદિરોમાં મંગળા આરતી, સુંદરકાંડ પાઠ, મારૂતી યજ્ઞ, ધ્વજારોહણ, મહાપ્રસાદી, છપ્પન ભોગ અન્નકૂટ જેવા કાર્યક્રમો યોજાશે. અમરેલી જિલ્લામાં સુપ્રસિદ્ધ ભુરખીયા હનુમાન મંદિરને રંગબેરંગી રોશનીથી શણગારવામાં આવ્યું છે.

.................